people for Education

BECAUSE EDUCATION MATTERS MOST

# ઘરકામ

માતા–પિતા અથવા  વાલીઓ શાળામાં સફળ થવા માટે જયારે તેઓ ઘરકામ હોય ત્યારે સહકાર આપીને એક રીતે મદદ કરી શકે છે

## ઘરકામ શું છે ?

વિધાર્થીઓ કદાચ આ જાતનુ કામ ઘરે લાવે છે:

- વર્ગમાં ચાલુ કરેલી કાર્યસોંપણી (અસાઈનમેન્ટ) ને પૂરી કરવા માટે
- પ્રોજેકટ પર સંસોધન કરવા માટે
- પરિક્ષા અને કસોટીનો અભ્યાસ કરવા માટે
- વર્ગમાં નવી શીખેલી આવડતની પ્રેકટિસ કરવા માટે
- વર્કબુક અને બાયન્ડરને વ્યવસિથતરૂપ આપવા માટે
- નવલકથા અને પાઠયપુસ્તકના સોંપેલા વિભાગને વાંચવા માટે

## કયા અને કયારે ઘરકામ થવુ જોઈએ ?

- બધા જ વિધાર્થીઓ  એક જ સરખી રીતે શીખી શકતા નથી . કોઈને શાંત જગ્યામાં કામ કરવુ ગમે છે તો કોઈને સંગીત ચાલતુ હોય તેવા વાતાવરણમાં કામ કરવુ ગમે છે તો બીજા વિધાર્થીઓને મિત્રોની જોડે કામ કરવાથી મદદ થાય છે. તેઓને તેમનુ ઘરકામ કરવા માટે સૌથી ઉત્તમ જગ્યા પસંદ કરવામાં મદદ કરો
- ઘરકામ કરવા માટે નિયમીત સમય નકકી કરવાથી કદાચ મદદરૂપ થાય.  જો માતા–પિતા ઘરકામ પૂરુ કરવા માટે દબાણ કરે તો મોટે ભાગે વિવાદ ઊભો થાય છે અને વિધાર્થીઓ ઘરકામ કરવાનુ ટાળે છે . ઘરકામ માટે નિયમીત સમય નકકી કરવાથી એનો નિત્યક્રમ થઈ જાય છે
- સાંજની શરૂઆતમાં જયારે બાળકમાં વધારે સ્ફુર્તિ હોય છે ત્યારે ઘરકામ પૂરુ કરાવવાનો પ્રયત્ન કરો સુવા જતા પહેલા તેઓને આરામ કરવાનો સમય આપો

## વિધાર્થીઓએ ઘરકામ કરવા માટે કેટલો સમય ગાળવો જોઈએ ?

- ઘરકામ કરવા માટે કોઈ પણ "ચોકકસ"સમય નકકી કરવામાં નથી આવ્થો. સંસોધકો અને શિક્ષકો કબુલ કરે છે કે શરૂઆતના ધોરણોમાં ઘરકામ મર્યાદિત હોય છે જેમ વિધાર્થીઓ હાય સ્કૂલમાં જાય છે તેમ ધીમેધીમે ઘરકામનુ પ્રમાણ વધતુ જાય છે.
- વિધાર્થીઓ  જુદી જુદી ઝડપે કામ કરતા હોય છે, જેથી કરીને ઘરકામ કરવા માટે ગાળેલો સમય જુદો  જુદો હોય છે .
- વિધાર્થીઓ  પોતાનુ ઘરકામ પૂરુ કરી શકતા હોવા જોઈએ અને સાથે સાથે બીજી પ્રવૃત્તિઓનો પણ તેમની પાસે સમય હોવો જોઈએ જેમાં રમતગમત, સંગીતના વર્ગો, ધાર્મિક પ્રવૃત્તિઓ, ભાષાના વર્ગો, વોલેન્ટિઅર કામ અને રમવાનો સમય હોવો જોઈએ.
- જો તમને એ થતુ હોય કે તમારા બાળકને વધારે પડતુ અથવા તો ઓછુ ઘરકામ મળે છે તો આ બાબતમાં તમારે વર્ગશિક્ષકની જોડે ચર્ચા કરવી જોઈએ.

## માતા–પિતા ઘરકામ કરવામાં કેવીરીતે મદદ કરી શકે છે?

- મોટા બાળકોને  કાર્યસોંણી અને પરિક્ષાની નોંધ રાખવા માટે તેઓને સકૂલ અજેન્ડાનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહન આપો. મોટા પ્રોજેકટ કરવા માટે કામનો  સમય નકકી કરો અથવા તો મોટુ કેલેન્ડર પણ રાખી શકો છો.
- જો પ્રોજેકટ કરવાનો ન હોય તો વર્ગમાં વિધાર્થીઓ જે  વર્ગમાં શીખ્યા હોય તેનુ પુનરાર્વત થવુ જોઈએ જેથી કરીને વિધાર્થીઓ પોતાનુ ઘરકામ જાતે કરી શકે છે.



People for Education is an independent parents' group working to support public education in Ontario's English, French and Catholic schools.
You can reach us at:  P.O. Box 64, Station P, Toronto, Ontario, M5S 2S6
phone: 416-534-0100   fax: 416-536-0100   e-mail: info@peopleforeducation.com or visit: www.peopleforeducation.com

- જયારે બાળકો તેઓનુ ઘરકામ કરતા હોય ત્યારે તમે તમારું ઘરકામ કરો જેવુ કે બીલ ભરવાનુ કે, ચોપડી વાંચવાની અથવા તો પત્ર લખવાનો. આનાથી તેઓને કંપની મળશે અને તમને બાજુમાં રાખે છે . પણ જો મદદ માગે તો જ કરો.
- તમારાં નાના બાળકોને જોડે વાંચો (કોઈપણ ભાષામા) મોટા વિદ્યાર્થીઓને દરરોજ પોતાની જાતે વાંચવામાં અમુક સમય ગાળવા માટે પ્રોત્સાહન આપો.
- દરરોજ તમારા બાળકની જોડે શાળા વિશે ચર્ચા કરો. ભલે તમને વિષયની સમજણ ન પડે અને ભલે અંગ્રેજી અથવા ફ્રેન્ચ તમારી માતૃભાષા ન હોય પણ તમે સારા સાંભળનાર થઈ શકો છો. સંસોધન બતાવે છે કે ખાલી શાળાની ચર્ચા કરવાથી જ માતા–પિતા

  વિદ્યાર્થીઓની સફળ થવાની તકમાં વધારો કરી શકે છે.
- ઘરકામ કરવાના બધા જ સાધનો વિદ્યાર્થીઓ પાસે હોય તેની ખાતરી કરશો – તેઓને પેન્સ્લસ, ફુટપટી, માર્કરસની જરૂર પડશે.

## જો વિદ્યાર્થીને ઘરકામ કરવામાં તકલીફ પડતી હોય તો ?

- જો વિદ્યાર્થીઓને મદદની જરૂર હોય તો તેમને શિક્ષકને પૂછવા માટે પ્રોત્સાહન આપો તમારાં બાળકને જાણ કરો કે તેઓને કઈ પણ સમજણ ન પડે તો તેઓને માટે મદદ લેવી યોગ્ય છે.
- જો તમારા બાળકો ઘરકામની સમજણ ન પડતી હોય તો તેને પૂછો કે શિક્ષકે શાળામાં કેવીરીતે શીખવ્યુ છે. આનાથી કદાચ બાળકને યાદ આવવામાં મદદ થાય કે થોડા સમય પહેલા તે શુ શીખ્યો હતો અને કેવીરીતના જવાબ મેળવવો.
- જો તમારું બાળક વ્યાકુળ થઈ જાય અથવા તો નિરાશ થઈ જાય તો વિરામ લે અને મોડેથી પાછો પ્રયત્ન કરે.
- જો પોતાની બનતી મહેનત બાદ પણ વિદ્યાર્થી ઘરકામ પૂરુ ન કરી શકે તો અધુરુ કામ શાળામાં પાછુ મોકલવામાં વાધો નહિં. તમે ઘરકામ પર અથવા અજેન્ડા પર નોંધ લખીને સમજાવી શકો છો કે શામાટે ઘરકામ પૂરુ નથી થયુ આમ કરવાથી શિક્ષકને પણ કયા તકલીફ છે તે જાણવામાં મદદ થશે અને શિક્ષકને એ પણ જાણીને આનંદ થશે કે તમે તમારાં બાળકના શિક્ષણમાં ભાગ લો છો.
- જો તમારું બાળક વારંવાર ઘરકામ પૂરુ ન કરી શકે તો તેના શિક્ષકની સાથે ચર્ચા કરવા માટે એપોઈન્ટમેન્ટ લો

## ઘરકામ માટેની બીજી સહાયતા

- ઘરકામની માટે મળતી મદદ શાળા દવારા લોકલ લાયબ્રેરી અથવા કમ્યુન્ટિી સેન્ટરથી

  માહિતી મેળવો શાળા પૂરી થાય પછી અમુક શાળામાં અને ઘણી પબ્લિક લાયબ્રેરીમાં હોમવર્ક

  કલ્બ હોય છે.
- વિદ્યાર્થીઓ કદાચ મિત્રો અથવા મોટા ભાઈઓ બહેનો પાસેથી પણ મદદ મેળવી શકે છે.
- ઘણી હાય સ્કૂલમાં પિઅર ટયુટર હોય છે – જે વિદ્યાર્થીઓએ કોર્સ પૂરો કરી લીધેલો હોય છે અને તેઓ વિજ્ઞાન અને ગણિતસાસ્ત્રમાં મદદ કરી શકે છે.
- www.ilc.org ઓન લાઈન પર હાય સ્કૂલના વિદ્યાર્થીઓ માટે મફત ટયુશનની સર્વિસ છે. આ સાઈટ પર રવિવાર થી ગુરુવાર સૂધી સર્ટિફિકેટ મેળવેલા શિક્ષકો મળે છે. તેઓ નિબંધના પ્રત્યુતર આપવાની સર્વિસ પણ આપે છે.
- અમુક સ્કૂલ બોર્ડ ઓન લાઈન પર લેસન શીખવાની પવૃતિઓ જુદા જુદા ધોરણના લેવલ પર આપે છે. વધુ માહિતી માટે તમારા સ્કૂલ બોર્ડની વેબ સાઈટ પર જૂઓ.

THE ONTARIO TRILLIUM FOUNDATION
LA FONDATION TRILLIUM DE L'ONTARIO

This tip sheet was developed with the support of the Ontario Trillium Foundation.

Copies are available in several languages at www.peopleforeducation.com.
For more information, call 416-534-0100 (toll-free 1-888-534-3944) or email info@peopleforeducation.com
© People for Education 2008